GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

ज्ञान: अध्ययन: परम्परा

# 'આંગળિયાત' સામાજિક નવલકથા: સાહિત્યનો સામાજિક સંદર્ભ

## અમરિશ આઇ. પટેલ

પીએચ.ડી. સ્કોલર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

જોસેફ મેકવાનની નવલકથા આંગળિયાત વિશે ખાસ્સી ચર્ચા થઈ છે. ઘણાં વિદ્વાનોએ એને પોંખી છે. ઉમાશંકર જોશીએ આ લેખક માટે ખાસ્સી આશાઓ સેવી હતી. દલિત સાહિત્યકારોમાં જોસેફ મેકવાન આગલી હરોળમાં સ્થાન પામ્યા છે. બસોથી વધુ પાનાઓમાં વહેંચાયેલી નવલકથામાં લેખકે 1950ના દાયકાના સમયગાળામાં ગુજરાતના ચરોતર પ્રદેશના દલિત સમાજની સામાજિક સ્થિતિનો ખ્યાલ આપ્યો છે. નવલકથામાં ચરોતરના ખૂણે વસેલા ગામડામાંય ખૂણે વસતા ને અસ્પૃશ્યતા તથા અનેક શોષણના ભોગ બનેલા દલિત સમાજને આ કથામાં આલેખવામાં આવ્યો છે. આઝાદી મળવાની હતી ને એ મળી એ વર્ષોના સમયગાળાને આ કથામાં આલેખવામાં આવ્યો છે. સાથોસાથ દલિત યુવા પેઢીમાં જન્મી રહેલી જાગૃતિ, અન્યાય સામે અવાજ ઉઠાવવાની પ્રબળ બનતી જતી ઇચ્છાનો તંતુ પણ આ સાથે સધાતો જાય છે. ધીમી પણ મક્કમ ગતિએ આવી રહેલ બદલાવને લેખકે આ કથામાં આબાદ રીતે ગૂંથ્યો છે. આ દેશ અંગ્રેજોની ગુલામીમાંથી તો છૂટ્યો પણ એનાથીએ ખતરનાક એવા દેશી નેતાઓની ચૂંગાલમાં ફસાવા જઈ રહ્યો હોવાનું જોતાં કથાના કેટલાક પાત્રોનું આલેખન સરસ રીતે કરાયું છે. સમાજમાં સીધો દેખાય નહીં પણ આવી રહેલ બદલાવને લેખકે તાદૃશ્ય કર્યો છે.

જૉસેફ મૅકવાન પોતે દલિતવર્ગમાંથી આવે છે ને એટલે જ વણકરવાસને, તેના માનસને બરાબર પછાણે છે. સ્વાનુભવમાં સિંચાયેલું આ કથાબીજ એટલે જ કેટલીક સચ્ચાઈનો ભેટો કરાવી આપે છે. ટીહારામ અને મેઠી વચ્ચે જન્મતા સ્નેહાંકુર ભલે સામાજિક રીતે વિચારીએ તો આગળ જઇને ઊગી ન શક્યા પણ એક આખા નવસમાજમાં વિચારવંટોળ જન્માવવામાં સફળ રહેતા જણાય છે. એ સિદ્ધિ નાની ન ગણાય. એ અર્થમાં આ કથા વ્યક્તિથી સમાજ તરફ વિકસવાની કથા છે. સાવ નાની લાગે એવી ઘટનાઓ કેવા કેવા વમળો જન્માવીને કેટલાયના જીવનમાં ઉથલ-પાથલ સર્જી દે- તે આ કથામાં બખૂબી આલેખાયું છે.

આખીએ કથાની સૌથી મોટી જો કોઈ વિશેષતા હોય તો તે છે વણકર સમાજનું અંદરના પરિમાણથી થયેલું અ-પૂર્વ આલેખન. આ કથા પૂર્વે પણ ઘણાં લેખકો દ્વારા નાની-મોટી રચનાઓમાં દલિતસમાજનું અછડતું આલેખન થયું હોવાના દાખલા મળે છે પણ એમાં કથા પર મંડાયેલ કેમેરા બહારથી હતો. પહેલીવાર એક દલિત લેખક દ્વારા દલિત સમાજને વ્યાપક ફલક પર અંદરથી આલેખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પરિણામે કેટલીક અંદરની બાબતો પહેલી જ વાર વ્યાપક સમાજની સમક્ષ આવી છે. ટીહાલાલ, દાનજી, ભગત અને શિક્ષક (માસ્તર) જે વિચારે છે, એમના વિચારોમાં જે મંથન ચાલી રહ્યું છે, સવર્ણો દ્વારા થતાં શોષણના કારણે એમના ચિત્તમાં જન્મતા આંદોલનો અને સાથોસાથ દલિતો પોતે પણ ક્યાં અને કેવા કારણોસર જવાબદાર છે- એ બાબતનું એમનું ચિંતન અસરકારક રીતે ઊભરી આવ્યું છે. આ કૃતિના પ્રાગટ્ય સમયે સાવ નવી દિશાનું ચિન્તન હતું. આ જાગૃત પેઢીના નાનાં વૈચારિક બળવાઓથી સમાજમાં અને ખાસ કરીને દલિતોના જીવનમાં બહુ મોટું પરિવર્તન તો નથી આવ્યું પણ આ ગાળામાં પણ એક નાનકડી જ્યોત તો જલી જ છે. અને એ વાત ભારે શ્રદ્ધા જન્માવનારી છે.

કથાની આલેખન રીતિ, ઘટનાઓની ગૂંથણી અને આટાપાટાઓની માંડણી આ કથાના પ્રાગટ્યવેળાએ નવાનહોતાં રહ્યાં. જનવાદી સાહિત્યની નવલકથાઓમાં આ પ્રકારનું આલેખન પન્નાલાલ પટેલ, ઇશ્વર પેટલીકરમાં ગુજરાતી પ્રજાએ વાંચ્યું અને અનુભવ્યું હતું. માનવીની ભવાઈ હોય કે મળેલા જીવ જેવી નવલકથાઓમાં પાત્રો દલિત જાતિના ન હોવા છતાં જ્ઞાતિ-જાતિના ચોકઠાઓની જકડામણ, માનવોની અવળચંડાઈ, ગંદું રાજકારણ રમતાં મુખીઓ, પ્રેમ કરનારાઓના વિરોધીઓ જેવી બાબતો આ પૂર્વે નવલકથાઓમાં લખાઈ ચૂકી હતી. અહીં સવાલ એ નથી રહેતો કે આ પાત્રો કઈ જ્ઞાતિમાંથી આવે છે, સવાલ એ છે કે એમના જીવનની તાવણીમાં એ કેવા તો ખરા ઉતરે છે. માનસિક લડાઈમાં કેવી રીતે અડિખમ રહી શકે છે એ મહત્ત્વનું છે.

https://www.gapbhasha.org/

ભાષાનું એક આગવું પોત છે. બાકી એક ભગતનું વિશિષ્ટ પાત્ર, પ્રેમની આદર્શભરી (પ્લેટોનિક) ટેક, પ્રેમમાં થતી તાવણી અને આકરી કસોટીઓ, કરુણાન્ત કથા- જેવા વાનાઓ જરા પણ નવા નથી. છેક સરસ્વતીચંદ્રથી આરંભી ઝેર તો પીધા છે જાણી જાણી હોય કે પન્નાલાલની કથાઓ હોય- આ બધું જ એમાં આવી ચૂકેલું જ છે. ગામનાં કેટલાક નફ્ફટ લોકો, ઉતાર એવા લોકો દ્વારા મુખ્ય પાત્રોની થતી કનડગત, મેલી મુરાદોવાળી ગંદી રમતો ને રંઝાડોનું આલેખન પણ આ પહેલા આપણે માણી ચૂક્યા છીએ એટલે મારી દૃષ્ટિએ જૉસેફ મેકવાનની આ વિશેષતા આ કથાના આલેખનમાં નથી. એ તો એમને થોડો વર્ગભેદે પરંપરામાંથી મળેલો જ હતો પણ એમની જે આગવી સિદ્ધિ છે એ એમણે આલેખેલું આગવું નિરાળું ભાવવિશ્વ. સમાજના સાવ છેવાડાના માનવોમાં ધબકતું જીવનતત્ત્વ, એમની ખુમારી અને એમની ટેક, એમના ચિત્તમાં જન્મતો સાચો આક્રોશ અને ભલે નાનો પણ મક્કમ પ્રતિકાર કરવાની વીરતા- આ કથાને વિશિષ્ટ બનાવનારી મહત્ત્વની બાબતો આ છે.

બીજી નોંધપાત્ર વાત એ કે, લેખક આ કૃતિ દ્વારા અનેકવિધ લક્ષ્ય સિદ્ધ કરવા માંગતા હોવા છતાં, ખાસ તો દલિત સમાજની વિડંબણાઓને આલેખવા માંગતા હોવા છતાં (પ્રસ્તાવના લેખમાં વાંચતા આ વાત સ્પષ્ટ થાય છે) આંગળિયાત કથામાં એમણે દલિતોના બીચારાપણાને નહીં પણ ખુમારીને કેન્દ્રમાં રાખી છે. આ વાત વધારે સ્પર્શે તેવી છે.. એ ધારત તો નિર્મમ એવા સવર્ણોના ત્રાસને જ આલેખી શક્યા હોત. આપણને અરેરાટી છૂટે અને સવર્ણો પર તિરસ્કાર છૂટે એવું આલેખન કરીને પોતે તાર સ્વરે પોતાની વાત કરી શક્યા હોત પણ એક કલાકારની નિસબતને તેઓ સમજે છે. એ સંયમ જાળવીને કથાને બેલેન્સ કરી શક્યા છે. ટીહારામ આરંભથી અંત સુધી એકધારા અડિખમ છે, એ ઘડીભર લાચારી અનુભવતો નથી. નિયતી (અહીં લેખક) અને માનવસર્જિત (અન્ય પાત્રો દ્વારા સર્જિત) દ્વારા અપાયેલ આપત્તિઓમાં એ અડિખમ રહીને એના સમાજમાં અપૂર્વ કહેવાય એ રીતે સામનો કરે છે અને ખરા અર્થમાં હિરો બની રહે છે.  એ એના સમાજમાંથી અનેક રીતે ઉપર ઊઠી શક્યો છે. એ સાહસિક અને ખંતિલો વેપારી છે તો એવો હામભર્યો ભડવીર પણ છે, એ ખૂંખાર આખલાને નાથે છે, લૂંટારુઓનો ભય હોવા છતાં એવા માર્ગે પણ વકરાના પૈસા લઇને નીકળતા ગભરાતો નથી, એ કન્યાની થતી છેડતી સાંખી શકતો નથી, એ વહેવારમાં કે સારા-માઠાં પ્રસંગોએ વિના વિલંબે મદદ માટે પહોંચી જાય છે. પોતાના મિત્રએ પોતાના માટે થઈને જીવ ખોયો એનો અફસોસ માત્ર એની વાણી જ નહીં વ્યવહારમાંય વણી લે એવો છે. પરસ્ત્રી પર તો શું પોતાને જ સર્વસ્વ ગણે છે ને પોતે પણ જેને ગાઢ પ્રેમ કરે છે એવી મેઠી પર પણ એકમાત્ર ટેકને ખાતર આંખ બગાડતો નથી એવો યોગી પણ છે. ટૂંકમાં, આદર્શ નાયકના જે કોઈ મૂલ્યો સમાજમાં સ્વીકાર્ય છે એ બધા આ ટીહારામમાં જોવા મળે છે. અન્ય પાત્રો પણ કોઈને કોઈ આદર્શ અને ટેક લઈને જીવે છે. જૉસેફ મૅકવાનઆ રીતે પ્રશિષ્ટ કથા આલેખે છે. નવલકથામાં અનિવાર્ય એવા ભાવપલ્ટા, ઘટનાબાહુલ્ય, નાટ્યાત્મક વળાંકો, ખલપાત્રો અને વર્ણનો – એ પ્રશિષ્ટ નવલકથાના લક્ષણો છે. એમાનાં ભાગ્યે જ કોઈ લક્ષણોથી આ કથા વંચિત રહી છે. જૉસેફ મૅકવાનની આ મોટી સિદ્ધિ ગણવી રહી.

આઝાદી મળવાની હતી અને મળી એ સમયગાળો કથામાં આલેખાયો છે. એટલે બદલાતી ક્ષિતિજો પણ આછા ઉજાસરૂપે કથામાં આલેખી છે. જો કે, લેખક એ દીશામાં વધુ તાકતા નથી. એમનું લક્ષ્ય છે વણકર સમાજનું જીવન, એમની વિડંબણાઓ અને એમના જીવનમૂલ્યોનું આલેખન કરવું તે. સવર્ણો દ્વારા થતી રંજાડ તેમણે આલેખી છે પણ મુખ્યત્વે આલેખવો છે ટીહા-મેઠીનો નિર્વ્યાજ પ્રેમ. લેખક પ્રસ્તાવનામાં લખે છેઃ ‘અનુભવે હું ઘણું ઘણું જોતાં પારખતાં શીખ્યો છું. ભદ્રસમાજ અને સંસ્કારી સોસાયટીઓ મેં જોઈ છે. હળ્યો ભળ્યો છું એમની સાથે. સાવ નજદીક રહીને, એમનાં આંતર જીવનમાં ભાગ ભજવીને એમનાં ચરિત્ર્ય મેં જાણ્યાં છે. ને ત્યારે મારો અહોભાવ આશ્ચર્ય વિમૂઢતામાં પરિણમ્યો છે. ને ત્યારે જ નાતરિયા વર્ણની કહેવાતી આ અબળાઓનાં શીલ અને સંસ્કાર મને મહાકાવ્યનાં સુધટ્ટ પોત જેવા લાગ્યાં છે....એકભવમાં બીજો ભવ કરનારી કહેવાતી હલકી જાતિને વગોવે છે, એ જ જાતિના માન મર્યાદાનાં એમની દૃષ્ટિ મનાતા હલકા ધોરણોને પણ એક જ ભવમાં બીજો ભવ કરવાની કેવી કેવી સમાજગત, કુટુંબગત મજબૂરીઓ હોય છે એ તરફ કોઈનું ય ધ્યાન ગયું નથી.’ (પ્રસ્તાવના. પૃ.9) લેખક આ કથા દ્વારા પોતાના આ વિચારોને મૂર્તરૂપ આપવા મથ્યા છે.  એ માટે થઈને ક્યાંક અતિ આલેખનના ભોગ પણ બન્યા છે. કથાવેગ અદ્ભુત છે. એકી બેઠકે વાંચી જવાય એવા ફોર્સથી આખી કથાનું નિર્વહન થયું છે. પાત્રો સાથે સમસંવેદન અનુભવે એવું આલેખન લેખક બખૂબી કરી શક્યાં છે.

પહેલાં જ પ્રકરણમાં અનોખો ટીહો આકારાવા માંડે છે. એ એકલવીર છે. ભડવીર છે ને મા-બાપ પાછળ ન્યાત ન

https://www.gapbhasha.org/

જમાડીને ચીલો ચાતરનાર છે. વણાટકામમાં પાક્કો ને એવો જ પાક્કો વેપારી પણ છે. એની આગવી શાખા બંધાયેલી છે ને એને લઈને જ તે વાલજી સાથે કસ્બામાં થતી હરાજી છોડીને શીલાપુર જેવા નાનકડાં ગામમાં હરાજી માંડવા જાય છે. આવડતને કારણે સારો નફો પણ કરે છે. હરખા ઠાકોર સાથેની વાતચીતમાં ડેલાવાળાની આછી રેખાઓ અંકિત થવા લાગે છે જે કથાના અંતભાગે અત્યારના રંગ બદલતાં કાચંડા જેવા નેતાઓમાં પરિણમે છે. કથાના આરંભે જ વાલજી અને કંકુના સંવાદોથી ટીહાનો જીદ્દી સ્વભાવ અને એની બહાદુરી તથા બાહોશી ઊઘડતી જાય છે.

આ પ્રકરણમાં નેરેટર રૂપે કહે છે, - 'કરમની કઠણાઈ હતી. ગાડામાં ગજિયાં મેલાય, ગજિયાનાં વણનારાંને ન બાડાય, નહીં તો અભડાઈ જવાય.' આ લેખકની દીશા નક્કી કરનારું ને જેના કારણે આ કથાને દલિતકથા તરીકે પ્રસિદ્ધ કરવા પ્રેરે એવું આ વાક્ય છે. આવી તકલાદી અને સગવડિયા આભડછેટ અહીં કથામાં સારી રીતે આલેખાઈ છે. સમાજના આટાપાટાંના આલેખનમાં લેખકે ખાસ્સો કસબ દાખવ્યો છે. એ ગામડાનાં આઁતર સંબંધોને માનવીના મનને બરાબર પિછાને છે. ટીહો શીલાપર જઈને પટેલના છોકરાઓને માર મારી આવ્યો તો ખરો પણ એના પરિણામ આખા દલિત સમાજે ભોગવવાના છે. પટેલો કંઈ સહન કરીને બેસી તો રહેવાના નહોતા. એ સ્થિતિમાં એ લખે છેઃ 'ખેતરામાં બગાડ કર્યા પછી હજી તો સામું ચોમાસુ આવવાનું હતું. બાજરી-કઠોળનું બિયાવું પટેલોને ત્યાંથી જ લાવવાનું હતું. ને ટીહાના પરાક્રમ પછી પહોંચતા કામોની મજુરીમાં જે આલા-ઢુલા જેવા જે દાડિયા જરૂરી હતા એવા દાડિયાઓને ય પટેલોએ બોલાવવા બંધ કર્યા હતા. મોતી અને હીરા ખાનાની સામાજિક શાખ અને ધાકને લીધે વાસવાળા હજી સુધી એમને વતાવી શક્યા નહોતા પણ પટેલોનું ઝાઝું દબાણ આવે, કામકાજનાં તમામ નાકાં કાપી નાખે અને ચારપાંચ જણાને ફોડી લે તો આ નગણી જાત એમને ન્યાત બહાર મુકવામાં પાછી પડે એમ નહોતી.'- જુઓ બહુ ઓછા વાક્યોમાં તે ગામની પરિસ્થિતિનો ચિતાર આલેખી આપે છે. ટીહાનું શીલાપરનું પરાક્રમ ગામના દલિતો પર કેવી અસર જન્માવે તેમ છે તે અને સાથોસાથ કેટલાક દલિતો પણ એકજૂથ રહેવાને સમયે કેવા નગુણાપણું બતાવી શકે તેનું તટસ્થતાપૂર્વકનું આલેખન કર્યું છે. ખુશલો મેતર, મેઠીનો વર ચૂંથિયો, ડ્રાઈવર રામલો, ભીખલો- જેવા દલિત સમાજમાં રહેલ ખલપાત્રોનું આલેખન પણ એટલા જ તટ્સ્થતાથી કરે છે.

કેટલાક પ્રસંગો જેવા કે- વાલજી દ્વારા મેઠીનું હરણ અને વાલજીના અપમૃત્યુનો આખો પ્રસંગ, કંકુનું કલ્પાન્ત હચમચાવી મુકનારું છે. મેઠીની આત્મહત્યાનો પ્રયાસ અને ખરા ટાણે ટીહાનું ત્યાં પહોંચવું, વાલીની સુવાવડ, ફોજદારની કાર્યવાહી અને ખાસ તો વિલન એવા ખૂશલો મેતરની મારપીટવાળું દૃશ્ય આંખ સામે તાદૃશ્ય થાય તે રીતે આલેખાયું છે. નાતના મુખીઓની ગંદી રમતો અને પોતાના લાભ શોધતા રહેવાની વૃત્તિ અહીં અસરકારક રીતે આલેખાઈ છે. ફોજદારની કાર્યવાહીનો પ્રસંગ જૂઓઃ 'ખૂશલાથી ત્રાસેલાં પાંચેક ગામની આગેવાની હીરાએ લીધી હતી. અને પોતાની દીકરીના ફારગતીના સવાલમાંથી હીરો એને પાઠ ભણાવવા માંગતો હતો. હીરાનો પેંતરો પાધરો ના પડે એવા જોગ-સંજોગ ઊભા થયા એનો ખૂશલાએ પૂરે પૂરો લાભ લેવા તાક્યું હતું પણ વાલજીનાં કમોતે એની આબરુનાં મરશિયા નોતરી આણ્યાં હતા.'

'બાકીના પાંચસે કાઢ્ય નહીં તો અહીં જ તારા રામ રમડી દૈશ'- કહેતા ફોજદારે એના બહાર પડતા ખભામાં પૂરા જોરથી લાત લગાવી. અધમૂઓ ખૂશલો બેવડ વળી ગયો....'

લેખક પાસે વર્ણનકલાની શક્તિ અદભુત છે. પ્રસંગ કોઈપણ હોય એને સરસ રીતે બહેલાવી જાણે છે. ને સાથોસાથ વાચક રસ નિસ્પતિ સાથે સમાજ જીવનની વિકટ અસમાનતા તરફ અંગુલિનિર્દેશ કરે છે. જેમ કે, મેઠીને શીલાપરથી ઉઠાવવાનું કામ આમ જૂઓ તો ટીહાએ જ કરવાનું હોય. એણે જવું જોઈતું હતું પણ લેખકે શરૂઆતમાં ડરપોક દર્શાવેલા વાલજી પાસે આ કામ કરાવીને કંકુને વિધવા બનાવી, દીયરવટુ અને આંગળિયાત બાળક સુધી જવાનો માર્ગ અપનાવ્યો. કથામાં વેગ લાવવા માટે થઈને વાલજીનું અપમૃત્યુ કરાવ્યું હોવાની ગંધ આવ્યા વિના ન રહે... આખી કથામાં ટીહો ભલે કેન્દ્રસ્થ પાત્ર હોય પણ એ ખરા ટાણે જ પાણીમાં બેસી જતો હોય એવું લાગ્યા કરે છે. આદર્શોની જાળમાં ફસાઈને એ પોતાની નૈતિક ફરજો પણ ચૂકી જાય છે. દાનજી-કંકુના લગ્ન કરાવવા, મેઠીની ઘર આપવું, પોતાના પુત્રોનાં લગ્ન ઉકેલવા- જેવા અનેક પ્રસંગો એ જવાબદારીથી પાર પાડે છે પણ એની કેટલીએ જીદ ન સમજાય અને અકારણ લાગે એવી જ રહી છે. એમ કરવામાં લેખકની હાજરી સતત વર્તાયા કરે છે. એ પાત્રોને પ્રકૃતિગત રાખવાને બદલે પોતાની દોરીથી નચાવતા હે છે. છતાં ટીહા અને મેઠીના કેટલાંક મનોમંથનો, સંવાદો અને એમનો ટેકીલો સ્વભાવ આલેખવામાં લેખકે કસર નથી છોડી.

https://www.gapbhasha.org/

એક બે નમૂના રજૂ કરું છુઃ

'જ્યારે ટીહાને લાગતું હતું. મન સાથે વસી ગયું હતું કે પોતે આખી જિંદગી ટટળવા જ નિર્માયો છે. સંજોગો એની સામા જ શા માટે સર્જાય છે એ એને નહોતું સમજાતું. પણ ભગતકાકાના બોલ- 'આ બધામાં ઉપરવાળો આ બધામાં કશુંક હારું જોતો હશે-એવો ભરોસો એને ય બંધાય ચૂક્યો હતો. એના મનમાં એક સંતોષ હતો. મેઠીને અણીની વેળાએ બચાવી લેવામાં નિમિત્ત બન્યો હતો. મેઠી કાજે કોરટ લડી લેવાની કે ગુનો માથે ઓઢી લેવાની ખુમારી દાખવવાનો જોગ ચૂંથિયાના બચી જવા સાથે નહોતો રહ્યો અને એનો વસવસો હતો. પણ એ ચૂંથિયાના બચી જવા સાથે નહોતો રહ્યો અને એનો વસવસો હતો, પણ એ ચૂંથિયાનું મોતેય નહોતો વાંછતો.' (પૃ.216)

'આખી રાત જશે નં તોય મનના તાગ નહીં મલે. હરાપે (સરાપ) મલક રાજી છ તાં લગણ આપણાં જુદારાનું વાંધો ન્થ્ય નડ્યો.  કાલે ગોકો હમજણો થશે. આંગળિયાતનો અરથ આજ તો એ તમારો ક્યો સમજશે, પણ જ્યારે હમજતો થશે તારનું શું…? એ વિચાર્યું છે કદી…?'

'મારા પૈણ્યે એ આંગળિયાત મટી જવાનો છ..?માન્ય કે પેલે તને છૂટી કરી હોત તો તારૂં વેણ તું ન પાળત…? તાર ગોકાનું શું થાત…?'

'લલાટે લેખ લખાયા હોત તો મારો ભવ સુધરી જાત નં તમે ગોકાના હાચા બાપ બની રેત. જગત જખ મારીનેય ઇંન તમારા હાચા પેટનો જણ્યો માની લેત, પણ એ વેળા વઈ ગઈ, મારા કરમ ટોંકા, ગોકાના લખત લુખ્ખા…' (પૃ. 239)

આમ, મેઠી અને ટીહો ભલે સમાજમાં સામાન્ય ગણાય પણ એ મનથી બહુ મોટા છે. એમની દરિયાદિલી સ્પર્શી જાય એવી છે. અન્ય પાત્રોમાં કંકુ અને દાનજી આપણાં ચિત્ત પર છાપ છોડી જાય છે. ભગતકાકાનું પાત્ર પ્રસ્તાવના વાંચીને ખૂબ ઉત્કંઠા જગાવે છે પણ એવું અસરકારક રીતે આલેખાયું નથી. બધા વિલનોની ભૂમિકા તાર્કિક ભૂમિકાએ પણ ખરી ઊતરે એવી રચાઈ છે. ગૌણ પાત્રો અને પ્રસંગો કથાવેગને બળવાન રાખવામાં અસરકારક રહ્યા. એ બધા આપણી આસપાસ શ્વસતાં નર્યા માનવી તરીકે ઉપસી આવે છે.

કથાનો અંત અસરકારક છે. ટીહાનો આંગળિયાત પુત્ર ગોકળ પિતાની યાદ જીવન્ત રહે તે હેતુથી હાઈસ્કૂલ બંધાવવાની ટહેલ નંખાતી હતી ત્યારે સાત હજારને એકનું દાન કરીને ટીહાભાઈ ગોપાળભાઈ પરમારનું નામ ઓરડાની તકતી પર લખાય એવું કરે છે. આ જીત છે ટીહાની. એ પણ મંત્રી બનીને આવેલા ડેલાવાળાની હાજરીમાં થતી જીત. નવા સમયનાં એંધાણ છે. ટીહાને જીવનમાં ઘણું ગુમાવ્યું પણ એનાથીએ અનેકગણું એ પામ્યો છે. એણે આખી નવી પેઢીમાં નવી હવા ફૂંકી છે. ડેલાવાળા જેવા ડામિશ ભલે નેતા થયા, કાવાદાવા કરીને સમૃદ્ધિમાં રાચતા થયા. પણ એક એવી જ્યોત એમની સામે જલી છે જે આગળ જઈને ઉજાસનો ભાસ કરાવે છે- આવા હકારાત્મક અંત સાથે આ કથા વિરમે છે. સમાનતાનો સૂરજ નવી સવાર લઇને આવે છે. અરુણોદય ભલે સહેજ ઝાંખો પાંખો હોય પણ ઉગ્યો તો ખરો એવી આશાનો સંચાર કરે છે.

આ નવલકથાને વર્ષ 1989 દિલ્હી સાહિત્ય અકાદમીનો એવોર્ડ મળ્યો હતો. એ ઉપરાન્ત પણ અનેક પુરસ્કારોથી કથાને વધાવવામાં આવી છે. ફરી કહીશ કે ગુજરાતી મુખ્ય ધારાની નવલકથામાં બેસે એવું ધીંગુ પોત ધરાવતી આ કથા ગુજરાતી વાચકો પર હમેશાં અસર કરનારી નીવડે તેવી છે. અન્ય ભાષામાં થયેલા આ કથાના અનુવાદોને પણ સારો પ્રતિભાવ મળ્યો છે, એ નોંધવું જોઈએ. આ કથાએ ગુજરાતી સાહિત્યમાં નવોન્મેશ જન્માવીને સામાજિક વિકાસ્તરફની કૂચ નો સાહિત્યિક સ્વરૂપે ઐતિહાસિક દસ્તાવેજ આપ્યો છે. રઘુવીર ચૌધરીએ સાચું જ કહ્યું છે કે, 'એમને (જૉસેફ મૅકવાનને) દલિત લેખકની મુદ્રા વાગી ગઈ અને એમણે નિર્વિરોધ અપનાવી લીધી પણ વાસ્તવમાં એ ધર્મપ્રેરિત વ્યાપક માનવતાવાદના પુરસ્કર્તા છે'.

## સંદર્ભ

[1] જોસેફ મેકવાન 'આંગળિયાત' 1986 સંવર્ધિત આવૃતિ 2013, ડિવાઇન પબ્લિકેશન, અમદાવાદ.

[2] ઉમાશંકર જોશી "ગુજરાતી નવલકથાના પ્રવાહમાં એક વિશિષ્ટ રચના 'આંગળિયાત' 1988, ફાર્બસ ત્રૈમાસિક.

[3] ગુજરાતી વિશ્વકોષ વેબસાઇટ.

https://www.gapbhasha.org/